શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય,
બ્લોક નં-૧૧, ૧૨ અને ૧૪, બીજો માળ,
ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન. ૦૭૯૨૩૨૫૩૯
ફેક્સ ૦૭૯૨૩૨૫૭૫૧૩
Web: www.col.gujarat.gov.in

ક્રમાંક:શ્ર.આ.૬/ટે.૩/ ૧૧૨૩/જી/૨૦૨૧
૧૧૭૪

તા: ૮ .૧૦.૨૦૨૧

પ્રતિ,

(૧) અધિક શ્રમ આયુક્તશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૨) નાયબ શ્રમ આયુક્તશ્રી અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ (તાબાની કચેરીઓને પરિપત્રિત કરવા સારૂ)

(૩) કચેરીની સર્વે શાખાઓ, ૧,૨,૩,૪,૫,૬,૭,૮,૯,૧૦,૧૧,૧૨,ખાસ સેલ, બી.ઓ.સી.ડબલ્યુ અને આઈ.ટી.સેલ.

(૪) શાખાની સિલેક્ટ ફાઈલ/ પરિપત્ર ફાઈલ

**શ્રમ આયુક્ત,**

**ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

**લઘુત્તમ વેતન અધિનિયમ,૧૯૪૮ હેઠળના ખાસ ભથ્થાની જાહેરાત.**

લઘુત્તમ વેતન અધિનિયમ,૧૯૪૮ હેઠળ સરકારશ્રીએ જે તે વ્યવસાય માટે નિયત કરેલ મૂળ પગારના દર ઉપરાંત જીવન નિર્વાહ આંક ઉપર આધારિત આપવાના ખાસ ભથ્થાના દૈનિક દર હવે **તા.૦૧-૧૦-૨૦૨૧ થી તા.૩૧-૦૩-૨૦૨૨** સુધીના સમય માટે નીચે મુજબ રહેશે.

| ક્રમ | અનુસૂચિત રોજગારી/વ્યવસાય | ખાસ ભથ્થાના દૈનિક દર (રૂ. પૈસા) |
|---|---|---|
| ૧ | શીપ બ્રેકીંગ તથા સ્વીપીંગ અને કલીનીંગ કામની રોજગારી(વ્યવસાય) | રૂ. ૭૭.૩૦ પૈસા |
| ૨ | અનુ. નં ૧ અને અગરબત્તી બનાવવાની રોજગારી સિવાયની દરેક રોજગારી (વ્યવસાય) | રૂ. ૭૨.૦૦ પૈસા |

આમ, અનું નં ૧ અને ૨ ની સામે દર્શાવેલ વ્યવસાયોમાં ઉપરોક્ત સમયગાળા દરમ્યાનના ખાસ ભથ્થાના દૈનિક દર જાહેર કરવામાં આવે છે.

નાયબ શ્રમ આયુકત
અને લઘુત્તમ વેતન અધિનિયમ,૧૯૪૮
અન્વયેના સક્ષમ અધિકારી, ગાંધીનગર

Processed by FREE version of
Jet Scanner Lite

Azadi Ka Amrit Mahotsav

શ્રમ આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય,
બ્લોક નં-૧૧, ૧૨ અને ૧૪, બીજો માળ,
ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન. ૦૭૯૨૩૨૫૩૯
ફેક્સ ૦૭૯૨૩૨૫૭૫૧૩
Web: www.col.gujarat.gov.in

ક્રમાંક:શ્ર.આ.૬/ટે.૩/ ૧૧૭૫ /૨૦૨૧ તા: ૮ .૧૦.૨૦૨૧

## પરિપત્ર

**કોન્ટ્રાકટ મજુર (નિયમન અને નાબુદી) અધિનિયમ,૧૯૭૦ હેઠળ ખાસ ભથ્થુ બહાર પાડવા બાબત.**

આથી સર્વે સરકારી શ્રમ અધિકારીશ્રીઓને જણાવવાવમાં આવે છે કે, કોન્ટ્રાકટ મજુર (નિયમન અને નાબુદી) અધિનિયમ, ૧૯૭૦ અને ગુજરાત નિયમો, ૧૯૭૨ હેઠળ કોન્ટ્રાકટરોને આપવામાં આવતા લાયસન્સની શરત નં(૪)માં સ્પષ્ટ જણાવ્યા મુજબ લઘુત્તમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જે અનુસુચિત વ્યવસાયો માટે સરકારશ્રીએ લઘુત્તમ વેતન નકકી કરેલ છે. તેવા વ્યવસાયોમાં કામે રાખતા કોન્ટ્રાકટરોએ તેમના શ્રમયોગીઓને જે તે અનુસૂચિમાં સરકારે નકકી કરેલ લઘુત્તમ વેતન દરે પગાર તથા વખતો વખત જાહેર થતું જીવનનિર્વાહ ભથ્થું ચૂકવવાનું રહે છે. પરંતુ જે વ્યવસાયોનો લઘુત્તમ વેતન હેઠળની અનુસુચિમાં સમાવેશ થતો ન હોય તેવા વ્યવસાયોમાં સંકળાયેલ કોન્ટ્રાકટ શ્રમયોગીઓને આ પરિપત્રથી નકકી થયા મુજબનું વેતન ચૂકવવાનું રહેશે.

લઘુત્તમ વેતન અધિનિયમ,૧૯૪૮ હેઠળ જાહેર થયેલ અનુસુચિત વ્યવસાય સિવાયના વ્યવસાયમાં કોન્ટ્રાકટ મજુર (નિયમન અને નાબુદી) અધિનિયમ,૧૯૭૦ અને ગુજરાત નિયમો, ૧૯૭૨ના નિયમ-૨૩ અન્વયે આપવામાં આવતા લાયસન્સની શરત નં(૬) થી મળેલ સતાની રૂએ, શ્રમ આયુકતશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરે શ્રમયોગીઓને ચૂકવવાની થતી મજુરીના દર નીચે મુજબ નકકી કરેલ છે. જે તા.૦૧-૦૩-૨૦૧૫થી અમલમાં આવેલ છે.

| અ.નં | શ્રમયોગીઓનો વર્ગ | દૈનિક લઘુત્તમ વેતન દર | |
|---|---|---|---|
| | | ઝોન-૧ | ઝોન-૨ |
| ૧ | કુશળ | ૨૯૩ | ૨૮૪ |
| ૨ | અર્ધકુશળ | ૨૮૪ | ૨૭૬ |
| ૩ | બીનકુશળ | ૨૭૬ | ૨૬૮ |

**આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ**

(ક) ઝોન-૧ ગુજરાત રાજયમાં, ગુજરાત પ્રોવિશિયલ મ્યુનિસીપલ કોર્પોરેશન અધિનિયમ,૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસીપલ કોપોરેશનની હદોની અંદરના વિસ્તારોનો અને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ રચાયા પ્રમાણેની નગરપાલિકા હદોની અંદરના વિસ્તારોમાં અને સબંધિત શહેરી વિકાસ સતામંડળોની હકુમતની અંદર આવતા વિસ્તારોના સમાવેશ થશે.

Processed by FREE version of
Jet Scanner Lite

(ખ) ઝોન-૨ માં,ઝોન-૧ માં સમાવિષ્ટ હોય તે વિસ્તારો સિવાયના ગુજરાત રાજયના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

ઉકત નકકી કરવામાં આવેલ વેતનદરો ઉપરાંત કોન્ટ્રાકટરોએ કોન્ટ્રાકટ શ્રમયોગીઓને જીવન-નિર્વાહ ખર્ચ આંક સાથે સંકળાયેલ ખાસ ભથ્થું આપવાનું રહે છે. આથી નિયત કરેલ મૂળ વેતનના દરો ઉપરાંત જીવન નિર્વાહના આંક ઉપર આધારિત આપવાનું ખાસ ભથ્થું તા.૦૧.૧૦.૨૦૨૧ થી તા.૩૧.૦૩.૨૦૨૨ સુધીના ૬ (છ) માસના સમય માટે દૈનિક રૂા.૭૨.૦૦ પૈસા (અંકે રૂપિયા બોત્તેર પુરા) લેખે લાયસન્સની શરત નં.૬ હેઠળ મળેલ સતાની રૂએ નકકી કરવામાં આવે છે. જે ઠરાવેલ વેતનના દરની રકમ ઉપરાંત કોન્ટ્રાકટરોએ કોન્ટ્રાકટ શ્રમયોગીઓને ચૂકવવાના રહેશે. આ હુકમનો સબંધિત કોન્ટ્રાકટરો અમલ કરે તે જોવા આથી જણાવવામાં આવે છે.

શ્રમ આયુકત
ગુજરાત રાજય, ગાંધીનગર.

ક્રમાંક:શ્ર.આ.૬/ટે-૩/૧૧૧૪૬ થી ૧૧૧૬૭/૨૦૨૧
તા.૮/૧૦/૨૦૨૧

નકલ રવાના:

(૧) અધિક શ્રમ આયુકતશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
(૨) નાયબ શ્રમ આયુકતશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ (તાબાની કચેરીઓને જાણ કરવા સારૂ)
(૩) કચેરીની સર્વે શાખાઓ, ૧,૨,૩,૪,૫,૬,૭,૮,૯,૧૦,૧૧,૧૨, ખાસ સેલ, બી.ઓ.સી.ડબલ્યુ અને આઇ.ટી. સેલ.
(૪) શાખાની સિલેકટ ફાઇલ/પરિપત્ર ફાઇલ

રવાના કરવા પ્રમાણિત કર્યુ.

મદદનીશ શ્રમ આયુક્ત,
ગુજરાત રાજય, ગાંધીનગર

Processed by FREE version of
Jet Scanner Lite